જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૮/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૦૮ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૮૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૭૪,૪૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાતઃ– **સમાચાર યાદી નં.૧૧૪૬/૨૦૨૫**

વટવા જીઆઈડીસીઃ હરેશભાઇ સ/ઓ કમલેશભાઇ જેઠવા (ઉ.વ.૩૩) (રહે. ક્રિષ્ના એપાર્ટમેન્ટ આશિર્વાદ રેસ્ટોરન્ટ પાછળ જશોદાનગર) એ તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૬/૨૦૨૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રાજ સુરજીતસીંગ સોઢી (રહે. ઘરવિહોણા પ્લોટ જગદીશ બસ સ્ટેન્ડ પાસે કેડીલાબ્રીજ ઘોડસર) એ હરેશભાઇ જેઠવા સાથે મિત્રતા કેળવી વિશ્વાસમાં લઈ હરેશભાઇ જેઠવાનો મોબાઈલ ફોન વાપરવા લઈ જઈ અલગ–અલગ ફાયનાન્સ કંપનીઓની લોન લઈ તેમજ હરેશભાઇ જેઠવાના મોબાઈલમાં રહેલ હરેશભાઇ જેઠવાના ક્રેડીટ કાર્ડના ફોટાથી કુલ રૂપિયા ૮,૦૬,૫૩૬/– અલગ–અલગ ખાતામાં ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૪૭/૨૦૨૫**

વાડજઃ ભાનુબહેન વા/ઓ છગનભાઇ રાઠોડ (ઉ.વ.૫૨) (રહે.પુરપિડિતનગર સ્વાગત એપાર્ટમેન્ટ સામે રામાપીરનો ટેકરો નવા વાડજ) નાઓની તા.૦૮/૦૮/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે નવા વાડજ પોલીસ ચોકી થી ઉસ્માનપુરા ચાંપાનેર સોસાયટી સુધીની શટલ ઓટો રિક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ વ્યક્તિઓએ ભાનુબહેનની નજર ચુકવી ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૯૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ ભાનુબહેન રાઠોડ એ તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.વી.જોટવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૪૮/૨૦૨૫**

કૃષ્ણનગરઃ ધાર્મિક દિનેશભાઈ બારોટ (ઉ.વ.૩૦) (રહે. ભગીરથપાર્ક વિભાગ–૦૨ ચિત્રકુટ સોસાયટીની બાજુમાં નવા નરોડા કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૫ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગોવિંદલાલ ભુપેન્દ્રભાઈ ચલાવે છે.

ઈસનપુરઃ મિતેશભાઇ જેઠાભાઇ મુંઘવા (ઉ.વ.૩૪) (રહે. કુંડલીયા વાસ જશપાર્ક સોસાયટીની બાજુમાં ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૫ બપોરના ૩/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રતાપસિંહ ફતેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી